પત્રિકા
૧૭૦

# ચિરાગે હિદાયત

૦૩/૦૮/૧૮
૨૦ ઝીલ્કાદ

## ગીબત

કુરઆને મજીદ ઈન્સાની ઝિંદગીના ઉસૂલની એક સંપૂર્ણ કિતાબ છે. જેની પર કોઈને પણ કોઇ પ્રકારનો એતરાજ કે શક નથી. તેવી જ રીતે અગર કુરઆને કરીમમાં કોઇ ચીજના બારામાં ખરાબ શબ્દોથી ઝિક્ર કરવામાં આવ્યો હોય તો તે બેશક એવી બૂરાઇ હશે કે જેના બદતર હોવામાં કોઇ શક નથી. તે બૂરાઇઓમાંથી જ એક બૂરાઇ ગીબત છે.

*   *કુરઆને મજીદમાં ગીબતનો ઝિક્રઃ*

જેની માટે કુરઆને મજીદમાં ફરમાવવામાં આવ્યું છે કે **“તમારામાંથી કોઈ કોઈની પાછળ નીંદા કરે નહિ. શું તમારામાંથી કોઈ આ (કૃત્ય)ને પસંદ કરે છે કે તે પોતાના મરી ગયેલા ભાઈનું માંસ ખાય? નહિ, બલ્કે એ (કૃત્ય) તો તમો બૂરૂંજ સમજશો.”** *(સૂરએ હોજોરાત, આ.૧૨)*

તે જ પ્રમાણે કુરઆને મજીદમાં સૂરએ નૂરમાં છે કે **“તે લોકો કે જેઓ ઈચ્છે છે કે ઈમાન લાવનારાઓના સંબંધમાં નિર્લજ્જ વાતોની ચર્ચા ફેલાય, નિસંશય તેમના માટે દુનિયામાં દુઃખદાયક અઝાબ છે અને આખેરતમાં પણ.”** *(સૂરએ નૂર, આ.૧૯)*

કુરઆને મજીદમાં સૂરએ હોમઝહમાં પણ છે કે **“વય્લુલ્લે કુલ્લે હોમોઝતિલ લોમઝહ”** જેની તફસીરમાં તફસીરે મજમઉલ બયાનમાં છે કે આ આયત અલ્લાહની તરફથી દરેક ગીબત કરનારાઓ, ચુગલખોર અને દોસ્તોમાં જુદાઈ નાખનારાઓ માટે અઝાબનો વાયદો છે. ‘હોમઝહ’ તે બૂરાઇ છે કે જે નિંદા લોકોની સામે કરવામાં આવે અને ‘લોમઝહ’ તે બૂરાઇ છે કે જે નિંદા કોઈની પીઠ પાછળ કરવામાં આવે. ‘વય્લ’ જહન્નમનો તે દરજ્જો છે અથવા તો જહન્નમનો તે કુવો છે જે જહન્નમની બદતરીન જગ્યા છે અને ‘વય્લ’નો ઉપયોગ સખ્ત અઝાબના અર્થમાં પણ થયો છે. આ અઝાબ ગીબત કરનારાઓ માટે છે.

* *હદીસોમાં ગીબતનો ઝિક્ર :*

આવા ગુનાહથી બચવા માટે અને આવી મુશ્કિલના ઈલાજ માટે તેમજ પોતાના નફસને આનાથી મહેફુઝ રાખવા માટે માઅરેફત જરૂરી છે.

એહલેબૈત(અ.મુ.સ.)થી આ બાબતે ઘણી બધી રિવાયતો પણ મૌજૂદ છે.

'જવાહિદ'ના લેખક રિવાયત કરે છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ અબુઝરને ફરમાવ્યું, ''ગીબતથી હોંશિયાર રહો. ગીબત ઝિનાથી પણ બદતર છે.''

અને બીજી રિવાયતમાં છે કે ''ગીબત કરનારો કયામતના દિવસે પોતાનું માંસ ખાવાની હાલતમાં હશે.''

હઝરત ઈમામ જાફર સાદિક(અ.સ.)થી રિવાયત છે કે ''જે કોઈપણ કોઈ મોઅમીનના બારામાં તેનું અપમાન કરવાના ઈરાદાથી કોઈ વાત બયાન કરે અને તેનું અપમાન કરે કે જેથી તે લોકોની નજરોમાં નીચો પડી જાય. તો અલ્લાહ તઆલા તેને પોતાની વિલાયતમાંથી કાઢીને શૈતાનની વિલાયતમાં નાખી દે છે.''

બીજી જગ્યાએ ઈમામ જાફર સાદિક(અ.સ.)એ ફરમાવ્યું ''ગીબત ન કરો કેમ કે તમારી ગીબત કરવામાં આવશે અને પોતાના ભાઈની માટે ખાડો ન ખોદો કેમકે તમે પણ તેમાં પડશો. જેવું તમે કરશો તેવું તમે પામશો.''

શેખ અન્સારી(અ.ર.)એ મકાસિબમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)થી નકલ કર્યુ છે કે ''ગીબતનો ગુનાહ ઝિનાથી પણ બદતર છે. કેમ કે અગર ઝિનાકાર તૌબા કરી લે તો અલ્લાહ તેને બક્ષી દે છે પણ ગીબત કરનારાને ત્યાં સુધી નથી બક્ષવામાં આવતો જ્યાં સુધી કે તે શખ્સ કે જેની તેણે ગીબત કરી છે તે તેને માફ ન કરી દે.''

એક દિવસે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ પોતાના ખુત્બા દરમિયાન વ્યાજના ગુનાહની ગંભીરતા બયાન કરતા ફરમાવ્યું કે ''વ્યાજના એક દિરહમનો ગુનાહ છત્રીસ વખત ઝિના કરવાથી પણ ગંભીર છે.'' પછી ફરમાવ્યું ''બેશક બદતરીન દરજ્જાના વ્યાજ મુસલમાનની આબરૂરેજી અને તેની બેઈઝ્ઝતી છે.'' અને

પછી ફરમાવ્યું **“ઝિના અને વ્યાજથી પણ બદતર ગીબત છે.”**

આ સિવાય આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું **“અગર કોઈ શખ્સ કોઈ મોઅમીનની ગીબત કરતો હોય એટલે કે જે ખરાબી તેનામાં મૌજૂદ હોય તેને બયાન કરતો હોય તો અલ્લાહ ગીબત કરનારાને અને તે મોઅમીનને કે જેની ગીબત થઈ રહી છે તે બંનેને બેહિશ્તમાં ભેગા નહીં કરે. જે શખ્સ મોઅમીનની એવી ખરાબી કે જે તેનામાં મૌજૂદ ન હોય તે બયાન કરે તો તે બંનેની વચ્ચે દિનની પાકીઝગી અને સંબંધ છે તે પૂરો થઈ જાય છે અને ત્યારપછી ગીબત કરનારો તે મોઅમીનથી અલગ થઈ જશે તેમજ ગીબત કરનાર જહન્નમમાં રહેશે જે ઘણું જ ખરાબ ઠેકાણું છે.”** *(મકાસિબે મોહર્રેમા)*

સત્ય વિચાર કરનારાઓ માટે આ રિવાયત પૂરતી છે કે તેઓ આવા પ્રકારના ગુનાહથી પરહેઝ કરે.

શહીદે સાનીએ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)થી તેમજ ઈમામ સાદિક(અ.સ.)થી રિવાયત કરી છે કે **“એ વાત કુફ્રની સૌથી નજીક છે કે એક ઈન્સાન બીજા ઈન્સાન પાસેથી એક વાક્ય સાંભળે છે અને તેને તે માટે યાદ રાખે છે કે તેને આ વાતથી ઝલીલ અને રૂસ્વા કરે. આવા લોકો આખેરતમાં કોઈ ફાયદો નહીં ઉપાડી શકે.”** *(કસફુર રબીયા)*

ગીબતથી સંબંધિત અમુક રિવાયતો ઉસુલે કાફીમાં નકલ કરવામાં આવી છે. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે **“ગીબત કરવી ઈન્સાનના દિન ઉપર ઈન્સાની જીસ્મમાં કોઢની બિમારીથી વધારે તેજ અસર કરે છે.”** *(ઉ.કાફી-૨)*

* *ગીબત નેકીઓને ખત્મ કરી દે છેઃ*

ઈમામ જાફર સાદિક(અ.સ.) ફરમાવે છે **“ગીબત દરેક મુસલમાન માટે હરામ છે. તેમાં કોઈ શક નથી કે ગીબત નેકીને એવી રીતે ખાઈ જાય છે અને ખત્મ કરી નાખે છે જેવી રીતે આગ લાકડાને ખત્મ કરી નાખે છે.”**

ગીબત કરનારાની નેકીઓને તે શખ્સના નામએ આમાલમાં લખી દેવામાં આવે છે કે જેની તેણે ગીબત કરી છે. આ વાતનો ઘણી હદીસોમાં ઝિક્ર પણ છે.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)થી રિવાયત છે કે કયામતના દિવસે એક શખ્સને હિસાબ કિતાબ માટે એક જગ્યા પર લાવવામાં આવશે અને તેનું નામએ આમાલ તેના હાથમાં આપશે અને જ્યારે તે શખ્સ તેમાં તે નેક આમાલ નહી જોવે કે જે તેણે દુનિયામાં કર્યા હતા. તો કહેશે કે **"અય ખુદા! આ નામાએ આમાલ મારૂં નથી. કેમ કે મને આમા મારા તે નેક આમાલ નજર નથી આવતા જે મેં દુનિયામાં કર્યા હતા."** ત્યારે તેને કહેવામાં આવશે કે **"તારો અલ્લાહ ભૂલ નથી કરતો. તારા નેક આમાલ લોકોની ગીબત કરવાના કારણે ખત્મ થઈ ગયા."**

પછી બીજા શખ્સને લાવવામાં આવશે અને તેનું નામાએ આમાલ તેના હાથમાં આપવામાં આવશે. તે શખ્સ તેમાં તે નેકીઓ પણ જોશે કે જે તેણે દુનિયામાં નહીં કરી હોય. તો તે કહેશે કે **"અય ખુદા! આ નામાએ આમાલ મારૂં નથી. કેમ કે આમા તે નેકીઓ પણ છે જે મેં કરી નથી."** ત્યારે તેને કહેવામાં આવશે કે **"આ ફલાણા શખ્સના નેક આમાલ છે જેણે તારી ગીબત કરી હતી. તેના બદલામાં તેની નેકીઓ તને આપી દેવામાં આવી છે."**

સ્પષ્ટ થાય કે ફક્ત મોઅમીનની ગીબત કરવી હરામ છે. એટલે કે તે શખ્સ કે જે મઝહબે હક્ક ઉપર સંપૂર્ણ અકીદો રાખતો હોય. જેમાં બાર ઈમામો(અ.મુ.સ.)ની ઈમામતનો અકીદો પણ શામેલ છે. આ આધારે આ અકીદાની મુખાલેફત કરનારાઓની ગીબત કરવી હરામ નથી અને આ પણ જાણી લ્યો કે ફક્ત બાલિગ મોઅમીનની જ ગીબત નહિ બલ્કે નાબાલિગ મોઅમીન બાળકની પણ ગીબત કરવી હરામ છે.

**પરવરદિગારે આલમ પાસે દુઆ છે કે અલ્લાહ તમામ મોઅમીન વલ મોઅમેનાતને આ પ્રકારના ગુનાહથી મહેફુઝ રાખે અને કુરઆન તેમજ સિરતે એહલેબૈત(અ.મુ.સ.) ઉપર ચાલવાની તૌફીક ઈનાયત ફરમાવે.**

**અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com